શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ




સપ્ટેમ્બર-૨૦૧૯
અંક - ૯
વર્ષ ૫૭
સળંગઅંક : ૪૬૭
માસિક કિંમત-૧૦
વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.



તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com
Web site : www. pancholisamaj.org

# તેજસ્વી તારલા



પ્રાચી સંજયભાઈ
પંચોલી-મુંબઈ
SSC(ICSE)97.00%



રીયા પરેશકુમાર
પંચોલી-સુરત
SSC 94.67%



પાર્થ સંજયભાઈ
પંચોલી-મુંબઈ
SSC(ICSE)94.00%



યુક્તા મિનેષભાઈ
મિસ્ત્રી-મુંબઈ
SSC(ICSE)77.80%



નમ્રતા કનૈયાલાલ
પંચોલી-બરકાલા
SSC 70 %



દેવિકા હર્ષદકુમાર
રૂવાલા-સુરત
SSC-86.66%




વિવેક દેવેન્દ્રભાઈ
કાપડિયા-અનુમાલા
HSC(CBSC)
Sci-88.8



હેત સુનિલભાઈ
પંચોલી-છત્રાલી
HSC Sci-
Per-75.09



વૃષિકા હર્ષદકુમાર
રૂવાલા-સુરત
Dip.IT



ભુમી મુકેશભાઈ
પંચોલી-સુરત
Architecture



ધ્વનિ નિલેશભાઈ
મપારા-વડોદરા
CA



સિધ્ધિ અનીલભાઈ
પંચોલી-સુરત
BDS-HCM



રિધ્ધિ ગોપાલદાસ
પંચોલી-તેજગઢ
B.Sc.



પ્રણવ ગોપાલદાસ
પંચોલી-તેજગઢ
M.Sc.

## જ્ઞાતિજન જોગ

**પંચોલી નવયુગ નો ઓક્ટોબર અને નવેમ્બરનો અંક સાથે પ્રકાશિત કરવામાં આવશે. જેની સર્વે જ્ઞાતિજનોને નોંધ લેવા વિનંતી.....**

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. છોટાલાલ ઈશ્વરલાલ પંચોલી વડોદરા | શ્રી ઈશ્વરભાઈ જગજીવનદાસ પંચોલી વડોદરા

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## સપ્ટેમ્બર-૨૦૧૯

રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| માસિક | રૂા. ૧૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. ૧૦૦/- |

# તંત્રીની કલમે...



વ્હાલા જ્ઞાતિજનો

કુશળ હશો...

ગુજરાત અને મહારાષ્ટ્રમાં અતિવૃષ્ટિ અને રેલની વિકટ પરિસ્થિતિમાં આપ સૌને નવયુગ મોડા મળ્યા હશે .. પરંતુ પરિસ્થિતિ આગળ માણસ લચાર હોય છે... આપ દરગુજર કરશો ...

વિશેષમાં આ વર્ષે દિવાળી ઓક્ટોબર એન્ડમાં છે આથી દિપોત્સવી અંક માટેની તૈયારી સપ્ટેમ્બરના એન્ડમાં પુરી કરવાની રહેશે આથી આપ સૌને નમ્ર વિનંતી આપની તથા આપના એકમની જાહેરાત જેમ બને એમ જલ્દી મળે એવા પ્રયત્નો કરશો... આથી સરળતાથી દિપોત્સવી અંક પ્રકાશિત કરી શકીએ... આપના સહકારની અપેક્ષા રાખુ છું.... સાથે સાથે જે હકક સાથે આપણે કહીએ છીએ... આ છાપજો... પેલું છાપજો... અને નવયુગ ક્રે ૧ેવ્ગ? પ્રકાશિત પણ કરે જ છે... નવયુગ પોતાની ફરજો તો બજાવે છે.. હવે ફરજ પૂર્ણ કરવાનો વારો તમારો છે.. દરેક એકમો જેમ બને એમ જલ્દી જાહેરાતો કલેકટ કરી મોકલી આપવા વિનંતી છે..

વિશેષમાં વડોદરા નિવાસી ધ્વનિ નિલેશભાઇ મપારાએ **C.A.Final** માં સમગ્ર ભારતમાં ૪૬મો ક્રમાંક, વડોદરામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી સમગ્ર વડોદરા સમાજ, સમગ્ર પંચોલી સમાજ તથા એમના કુટુંબીજનોનું ગૌરવ વધાર્યુ છે... ખૂબ ખૂબ અભિનંદન..

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના જુના કાર્યકર અને મુંબઇ સેવા સમાજના કાર્યકર અને એક કવિ કે જેમની કવિતાઓ આપણે નવયુગ દ્વારા માણી છે એવા મુંબઇ નિવાસી અમ્રતભાઇ છગનલાલ પંચોલીનું અવસાન થતા એક સન્નિષ્ઠ કાર્યકર ગુમાવ્યા છે.... પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે અને સ્વજનોને આઘાત સહન કરવાની શકિત પ્રદાન કરે એજ પ્રાર્થના.

એક કવિનો અસ્ત અને સાથે સાથે બીજા કવિનો ઉદય... પંચોલી સમાજ ખરેખર ભાગ્યશાળી તો છે.. જેને આવા અનેક સમાજને ગૌરવ પ્રદાન કરનાર જ્ઞાતિજનો છે... મુંબઇના જયદીપ ગિરીશભાઇ ઝવેરીએ સાહિત્ય સંસદ-શાંતાક્રુઝ ખાતે તા. ૨૮.૦૮.૨૦૧૮ના રોજ પોતાની રચનાઓ રજુ કરી સાહિત્ય સર્જન ક્ષેત્રે પદાર્પણ કર્યુ છે... એમના આ સોપાન સર કરવા માટે સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

અસ્તુ....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી

મલય ડી. મિસ્ત્રી-સહતંત્રી

પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી ૫.સૈ.સ.મહામંડળ
૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો,

કુશળ હશો..

ઓગસ્ટ સુધી ખૂબ રાહ જોવડાવી અને પછી મેહૂલીયો એ રીતે વરસ્યો કે સમગ્ર ગુજરાતનું જનજીવન થંભી ગયું. વડોદરા, વલસાડ, નવસારી, અંકલેશ્વર, સુરત, મુંબઇ, તાપી જીલ્લો બધે જ જળબંબાકાર થઇ ગયું. નર્મદા, ઉકાઇ અને દરેક ડેમમાં પાણીને લઇને મહદ અંશે આવતા વર્ષની પાણીની ચિંતા દુર થઇ તો નદી કિનારે રહેતા અને લો લેવલ એરીયામાં રહેતા લોકોને ઉચાટ ભરી સ્થિતિમાં રહેવું પડયું, ઘણાં જ્ઞાતિજનોના ઘરમાં પાણી ભરાવાથી તકલીફ પણ પડી હશે. હજી વરસાદની ચર્ચા પુરી થાય તે પહેલા જ ૫મી ઓગસ્ટના રોજ ભારતની સરકારે જમ્મુ અને કાશ્મીરમાં બંધારણની અસ્થાઇ કલમ ૩૭૦ની અમુક જોગવાય અને અને ૩૫-એ રદ કરવાનો અને જમ્મુ અને કાશ્મીર અને લડાખને અલગ કરવાનો તથા યુનીયન ટેરીટરી જાહેર કરતો ઐતિહાસીક નિર્ણય લીધો, જેને સમગ્ર દેશે વધાવી લીધો, હવે કાશ્મીરમાં પરિસ્થિતી કેવી રહેશે એ ભવિષ્ય કહેશે, પરંતુ મહત્વની બાબત એક જ છે કે નિર્ણય લેવાયો. કાર્ય કરો તો જ ભૂલ થાય બાકિ નવરા બેઠા છે અને કોઇ નિર્ણય નહી માત્ર વાતો કે આલોચના કરે છે તે કયારેય ભુલ કરતા નથી, કાશ્મીરમાં બધુ જ યોગ્ય થાય અને ત્યાં પણ ભારતના અન્ય રાજ્યોની જેમ જ પ્રગતી થાય એવી આશા દરેક ભારતીયના મનમાં રહેશે જ અને એ સાકાર થાય એવી પ્રાર્થના..અસ્તુ.....

ઓગસ્ટ મહિનો એટલે તહેવારોનો મહિનો, રક્ષાબંધન, ઇદ, સ્વાતંત્રય દિન સહિતના અનેક તહેવારો આ મહિનામાં આવે છે. પરંતુ ડિસેમ્બરમાં પંચોલી સમાજ માટે તહેવાર સમો આકાંક્ષા-૩ આવી રહ્યો છે. તો ચૂકશો નહી.. સ્વયં મહામંડળ પણ પ્રથમવાર પ્રોગ્રામ એરેન્જ કરવા જઇ રહ્યું છે. જેની વિગત નવયુગ અન્યત્ર આપેલ છે. તમામ એકમોના યુવા સંગઠનને આમાં ભાગ લેવા અપીલ છે. આમ પણ હમણાં પંચોલી નવયુગ વાંચતા યુવા સંગઠનો દ્વારા કરવામાં આવતા વિવિધ પ્રોગ્રામો ખાસ ધ્યાન ખેંચી રહ્યા છે. જે ખરેખર આનંદની વાત છે..

વેબસાઇટ કમિટિએ મહામંડળનું સત્તાવાર ફેસબુક પેજ બનાવ્યું છે, જે પેજને લાઇક કરી ફોલો કરવા તમામ જ્ઞાતિજનોને અપીલ છે. આપના એકમોમાં કોઇ પણ પ્રોગ્રામ હોય કે થાય તો તેની માહિતી/ફોટો વેબ સાઇટ એડમીનને મોકલશો તો વેબસાઇટ પર અને ફેસબુક પર અપલોડ કરવામાં આવશે. હજી ઘણાં સભ્યોની માહિતિ વેબ સાઇટ પર નથી, આપ જાતે આપની અને આપના ફેમીલીની વિગત ફોટા સહિત વેબસાઇટ પર મુકી શકો છો.. બસ વેબસાઇટ પર જઇ રજીસ્ટ્રેશન કરો ઓન લાઇન વિગત આપના એકમમાં અપલોડ થઇ જશે અને આપ આ વિગતો એડીટ કરી શકશો. તો

આપ રાહ કોની જોઇ રહ્યા છીએ... ? લૉગ ઑન કરો www.pancholisamaj.org અને કોઇપણ મુશ્કેલી આવે તો એડમીન કે મારો સંપર્ક કરી શકો છો..

આ પંચોલી નવયુગ મળશે ત્યાં સુધીમાં મહામંડળની ખાસ સામાન્ય સભાનું આયોજીન થાય છે જેમાં લેવાતા નિર્ણયોની અસર આખા વર્ષ દરમ્યાન રહે છે, સામાન્ય સભા થયેલ નિર્ણય બદલવાની સત્તા મહામમંડળમાં બીજી સામાન્ય સભા સીવાય કોઇને નથી. તો એવી અપેક્ષા અસ્થાને નથી કે સૌ એકમો ભાગ લઇ રચનાત્મક સૂચનો કરે, આ લખુ છું ત્યારે ૧૬.૦૮.૧૯ સુધીમાં મુંબઇથી ૧ સભ્ય (મહામંડળના ઉપપ્રમુખ) સિવાય કોઇ પણ એકમે સામાન્ય સભામાં આવવા બાબતે જાણકારી આપી નથી. આપણે કેમ સમયસર કાર્ય /જાણ નથી કરી શકતા ? આપણા સમયસરના એક મેસેજથી આયોજકોને સરળતા થતી હોય તો આટલું કરવું જ રહ્યું. આકાંક્ષા-૩ને પણ હવે ૩.૫ મહિના જ બાકી છે, મોડા પડો અને ઉડાન-૨ જેવી હાઉસફુલ પરિસ્થિતિ ના થાય માટે આપના એકમના રજીસ્ટ્રેશન જલ્દી કરાવશો. અંકલેશ્વર એકમે શરૂ કરી દીધી છે. ઑલ ધ બેસ્ટ અંકલેશ્વર ટીમ...

વડોદરા નિવાસી ધ્વનિ નિલેશભાઇ મપારાએ **C.A.Final** માં સમગ્ર ભારતમાં ૪૬મો ક્રમાંક, વડોદરામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી સમગ્ર વડોદરા સમાજ, સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે... ખૂબ ખૂબ અભિનંદન..

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના જુના કાર્યકર અને એક કવિ તથા પંચોલી સેવા સમાજ મુંબઇના માજી પ્રમુખ અમ્રતભાઇ છગનલાલ પંચોલીનું અવસાન થતા એક સન્નિષ્ઠ કાર્યકર ગુમાવ્યા છે....પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે અને સ્વજનોને આઘાત સહન કરવાની શકિત પ્રદાન કરે એજ પ્રાર્થના

**અંતમાં :** જીવનમાં કેટલા કામ રહી ગયા એ વિચારવા કરતા, કેટલા કામ હજી થઇ શકે છે એના પર વિચારવુ અને અમલ કરવો વધુ મહાત્વનું છે.. અસ્તુ

# હાર્દિક શુભેચ્છાઓ..



**CA ધ્વનિ નિલેશ મપારા**

**C.A.C.P.T.** વડોદરામાં પ્રથમ ક્રમાંક
**C.A.Intermediate :** સમગ્ર ભારતમાં ૩૯મો ક્રમાંક, વડોદરામાં ૨જો ક્રમાંક
**C.A.Final** : સમગ્ર ભારતમાં ૪૬મો ક્રમાંક, વડોદરામાં પ્રથમ ક્રમાંક

અમારી વ્હાલી લાડકડી ધ્વનિની આ ઝળહળતી સિધ્ધિથી અમે સૌ આનંદિત થયા છીએ. એની ઉજ્જવળ કારકિર્દીથી અમારા મપારા પરિવારનું નામ રોશન કર્યુ છે. એ પ્રતિભાને અમે અંતરથી બિરદાવીએ છીએ.. અને ઉજ્જવળ ભવિષ્ય માટેની હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ....

**શુભેચ્છક**

સ્વ. બાબુભાઇ આર મપારા - પુષ્પાબેન મપારા
ડૉ. મનિષ મપારા - દામિની મપારા
નિલેષ બી. મપારા - ભાવના મપારા
અલ્પેશકુમાર મિસ્ત્રી - અમિષા મિસ્ત્રી
જાનકી, મનાલી, ઋતુ, હર્ષ, રીધમ

**નિલેષ બી. મપારા**

૯, શ્રીનાથજી પાર્ક, ૬/એફ. મ્યુ. કૉર્પોરેશન વૉર્ડ ઑફિસની સામે, અકોટા-વડોદરા
મો. ૯૯૮૭૯૭૩૪૩૪

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત અને**
**સ્વયં મહામંડળ દ્વારા આયોજીત**

# વડિલ વંદનાં

મહામંડળની કારોબારીમાં સ્વયં મહામંડળે કરેલ જાહેરાત મુજબ સ્વયં નીચે મુજબ પોગ્રામ કરવાનું આયોજન કરી રહ્યું છે.

આ કાર્યક્રમ ઓકટોબર અથવા નવેમ્બરની અનુકુળતાના શનીવાર-રવિવારની તારીખે આયોજીત કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમ્યાન મહામંડળના માજી પ્રમુખ ડો. મહેશભાઇ મિસ્ત્રીના સહયોગથી ભરૂચ સ્વામિનારાયણ મંદિરમાં કે અન્યત્ર રાત્રી રોકાણની વ્યવસ્થા કરવામાં આવશે. આજુબાજુ આવેલ ફરવા લાયક સ્થળોની મુલાકાત લઇ રવીવારે વહેલી સાંજે પોગ્રામ પૂર્ણ કરાશે. જેની વિગતવાર માહિતી હવે પછી જાહેર કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં લીમીટેડ એન્ટ્રી વહેલા તે પહેલાના ધોરણે એન્ટ્રી લેવામાં આવશે. જે વડિલોની ઉંમર ૬૦ વર્ષથી વધુ હશે અને પોતાના દૈનિક કાર્યો જાતે કરી શકવા સક્ષમ હોય તેઓ આ પ્રવાસમાં ભાગ લઇ શકશે. સ્વયંના હોદેદારો તથા સભ્યો ભાગ લઇ શકશે. વડિલોએ કોઇ ફી ભરવાની નથી.

દરેક લોકલ સ્વયં ગૃપ વડિલોને લાવવા-લઇ જવાની વ્યવસ્થા કરવાની રહેશે. રહેવા તથા જમવાની વ્યવસ્થા સ્વયં મહામંડળ કરશે.

આ માટે દાતાઓ પાસે દાનની અપેક્ષા છે, હાલમાં સ્વયં મહામંડળ પાસે પોતાનું ફંડ રૂા. ૦૦.૦૦/- છે. સ્વયં મહામંડળને વધુ ડોનેશન મળશે તો દરેક ભાગ લેનાર સ્વયંને મદદરૂપ થવા કટીબધ્ધ છે. તમામ એકમોને પોતાના એકમમાંથી જેતે સ્વયં ગ્રુપને મદદ કરવા અને ડોનેશન મેળવવા સહાયભૂત થવા વિનંતી છે.

આપના રચનાત્મક સૂચનો સદાય આવકાર્ય છે, રહેશે. આપના સૂચનો તા. ૩૦.૯.૨૦૧૯ સુધીમાં મોકલશો..


**નોંધ :** આ ઇવેન્ટમાં ભાગ લેનાર તમામ સ્વયં ગ્રુપને ૩૦ પોઇંટ મળશે. શકય હોય તો અંગત વ્હીકલથી ટ્રાવેલ કરવાનું રાખશો તો પરીવહન ખર્ચ બચાવી શકાશે.

આપનું ડોનેશન મૃદુતા મિસ્ત્રી પંચોલી, ૨૦૧, ગુરૂસ્મૃતિ સોમનાથ મહાદેવ રોડ, પાર્લે પોઇન્ટ સુરતને મોકલવા વિનંતી છે. વધુ માહિતી માટે ૯૯૨૪૨ ૧૧૭૨૨ પર કોન્ટેકટ કરવા વિનંતી..

શ્રી હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રીમતિ મૃદુતા મિસ્ત્રી પંચોલી-અધ્યક્ષા - સ્વયં
શ્રીમતિ ટવીંકલ જે. પંચોલી-કો ઓર્ડિનેટર સ્વયં
શ્રી પ્રણવભાઇ એન. પંચોલી - કો ઓર્ડિનેટર
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## ચાલો અંકલેશ્વર મુકામે...... આકાંક્ષા - ૩



**ફકત ૧૧૫ દિવસ જ બાકી છે..**
**આપની એન્ટ્રી અને રજીસ્ટ્રેશન જલ્દી કરાવો..**
**મર્યાદિત સીટો હોવાથી**
**જો..જો રહી ના જાવ..**



# મારા વ્હાલાની ઈચ્છા

પલ્લવી જિતેંદ્ર મિસ્ત્રી.
અમદાવાદ

પલ્લવીબેન, આ તમને યોગ્ય લાગે છે ખરું ?' અમારા પાડોશી હેમાબેને મને અચાનક પૂછ્યું.

'તમે શાની વાત કરો છો, હેમાબેન ? મેં કંઇ અયોગ્ય કામ કર્યું છે ?' મેં ગભરાઈને પૂછ્યું.

'હું તમારી વાત નથી કરતી.' એમણે સ્પષ્ટતા કરી.

'તો ઠીક.' એમનો જવાબ સાંભળીને મારો જીવ હેઠો બેઠો.

'શું ખાક ઠીક ? હું આ દસ નંબરવાળા વત્સલાબેનની વાત કરું છું.'

'કેમ, એ દસ નંબરવાળા તમને જેમ તેમ સંભળાવી ગયા ?'

'ના રે ના. એમ કોઇ મને જેમ તેમ સંભળાવી જાય અને હું ચૂપ બેસું એવું તમને લાગે છે ?'

'લાગતું તો નથી. પણ તો પછી દસ નંબરવાળાની શું વાત છે ?'

'તેમણે સોસાયટીમાં દેરાસર બંધાવ્યું છે તેની વાત કરું છું, શું એ વાત યોગ્ય છે ?'

'દેરાસર તેમણે આપણી સોસાયટીના કોમન પ્લોટમાં બંધાવ્યું છે ?'

'ના.'

'તો પછી તમારી માલિકીના પ્લોટમાં બંધાવ્યું છે ?'

'ના, તમે પણ શું પલ્લવીબેન ? એ તો એમના પોતાના ઘરના આગળના વરંડાના ભાગમાં દેરાસર બંધાવ્યું છે.'

'તો પછી એમાં તમને શું વાંધો છે ?'

'તમે જરા વિચારો, દેરાસરના કારણે સોસાયટીની બહારના લોકો પણ દર્શન કરવા આવશે કે નહીં ?'

'હા, એ તો આવે તો ખરાં જ ને ?'

'તો પછી આપણી સોસાયટીમાં ન્યૂસન્સ વધશે કે નહીં ?'

'શાનું ન્યૂસન્સ ?'

'કેમ, દર્શન કરવા આવનાર લોકો બધા કંઇ એકસરખા થોડા જ હોવાના ? એમાં કોઇ ખરાબ પણ હોઇ શકે કે નહીં ?'

'હેમાબેન, મંદિરો અને દેરાસરોમાં દર્શનાર્થે આવતાં લોકો મોટે ભાગે દીન દુખિયા કે ધર્મભીરુ જ હોવાના, તેઓ કોઈ ન્યૂસન્સ ફેલાવે એવું મને તો લાગતું નથી.'

'મને હતું જ કે તમે આવું જ કહેશો. ચાલો, માની લીધું કે તેઓ સારા જ હશે, પણ પછી સોસાયટીમાં પાર્કિંગનો પ્રોબ્લેમ ઊભો થશે એનું શું ?'

'હા, તમારી એ વાત સો ટકા સાચી છે હોં, આપણે એ માટે દસ નંબરી વત્સલાબેનને કહી દઈશું કે તેઓ દર્શનાર્થીઓને સૂચના આપી રાખે કે - પોતાના વાહનો સોસાયટીની બહાર મૂકીને આવવું, બરાબર ?'

'બરાબર, તમે એમને ભાર દઇને આ વાત કહેજો.'

'ભલે, હું કહી દઈશ, બીજું કંઇ ?'

'પલ્લવીબેન, તમે કયો ધર્મ પાળો છો ?'

'માનવતા' નો ધર્મ.'

'એટલે હિંદુ ધર્મ જ ને ?'

'તમને જો એમ લાગતું હોય કે 'હિંદુ ધર્મ માનવતાવાદી છે' તો એમ જ.'

'પણ તમે કયા ભગવાનમાં માનો ?'

'એ તો કંઇ નક્કી નહીં.'

'એટલે ?'

'એટલે એમ કે – હું કોઈવાર મહાદેવજીનું 'મૃત્યું જય મહાદેવ ત્રાહિમામ શરણાગત' એવું શીવ સ્તોત્ર બોલું, સવારે યોગાસન કરતી વખતે અંબામાતા ની આરતી, ' જય આધશક્તિ મા જય આધશક્તિ' બોલું, કોઈ વાર મનોહારી કૃષ્ણ ભગવાનને યાદ કરીને 'શામ રંગ રંગા રે હરપલ મેરા રે ' ગાઉં, જરૂર પડ્યે મહાલક્ષ્મીમાતાને, 'ઓમ રીમ શ્રીમ ક્લીમ મહાલક્ષ્મી નમ:' કહીને યાદ કરું અને આવા લેખો લખતી વખતે તો હું મા સરસ્વતીની આરાધના, 'યા કુન્દેન્દુ તુષાર હાર ધવલા, યા શુભ્ર વસ્ત્રા વૃતા' ગાઉં, રોજ સવારે ઊઠતાં વેંત હું મારા હાથના દર્શન કરી, 'કરાગ્રે વસતુ લક્ષ્મી, કરમૂલે તુ સરસ્વતી, કર મધ્યે તુ ગોવિંદમ, પ્રભાતે કર દર્શનમ' બોલીને બધા ભગવાનનો આભાર માની લઉં. મંદિર ઉપરાંત અગિયારી, ચર્ચ, ગુરુદ્વારા કે મસ્જિદમાં પણ હું ક્યારેક તો ગઈ જ છું.' હું એકીશ્વાસે બોલી ગઈ.

'લો, તમને તો મેં જરા અમસ્તું - કેમ છો ? પૂછ્યું ને તમે તો આખી કથા સંભળાવી દીધી.' હેમાબેન કંઇક નારાજગી સાથે બોલ્યા.

'સોરી હોં, મેં તમને બોર કર્યા.'

'ઇટ્સ ઓકે. ચાલે કોઇક વાર એવું. પણ તો ય તમે મને કહ્યું નહીં કે તમે કયા પંથમાં માનો છો ?'

'હું તો 'પ્રગતિ ના પંથ' માં માનું છું. કાયદાના દાયરામાં

રહીને, સદમાર્ગે ચાલીને જીવનમાં પ્રગતિ થાય એજ મારો ધર્મ. હેમાબેન, સાચું કહું તો, ધર્મ અને રાજકારણ, આ બે બાબતમાં બહુ બોલવા જેવું જ નથી.'

'પણ તમે જોજો, લોકો આ બે બાબતમાં જ બહુ બોલતાં હોય છે, છાપાઓમાં પણ આવા જ લેખો બહુ છપાતા હોય છે. અને તમે જોશો તો લોકોને એ બાબતમાં સાંભળવાની અને વાંચવાની પણ બહુ મઝા આવતી હોય છે.'

'હા, એ વાત સાચી. રસ પડે તો જ લોકો છાપા વાંચે ને ? અને લોકો છાપા વાંચે તો જ છાપાવાળાનું સરક્યુલેશન વધે ને ? પણ તમે ચિંતા ન કરો, હું દેરાસર બાબતમાં દસ નંબરવાળા સાથે વાત કરી લઇશ.'

આમ હેમાબેન સાથેનું મારું 'દેરાસર પુરાણ' તો પત્યું. અમને દેરાસરે દર્શન કરવા આવતા માણસોનું વર્તન કે એમના વાહનોના પાર્કિંગનો પ્રશ્ન તો ન નડ્યો. પણ એક બીજી જ મુસીબત ઉભી થઇ. દસ નંબરવાળા વત્સલાબેન સવાર સાંજ ઘંટ વગાડતાં તે એવી ખરાબ રીતે વગાડતાં કે સાંભળનારા બધાંજ ડીસ્ટર્બ થતાં હતાં. છેવટે હેમાબેન અને મારા દિકરાના કહેવાથી એકવાર એમના ઘરે જઇને મારે વાત કરવી જ પડી.

'વત્સલાબેન, તમે તમારા ઘરના આંગણમાં દેરાસર બનાવ્યું છે, અને પૂજા અર્ચના કરો છો એનો આનંદ છે, પણ તમે સવાર સાંજ આ ઘંટ વગાડો છો એનાથી બધાં ડીસ્ટર્બ થાય છે.'

'હું તો સવાર – સાંજ આરતી ટાણે માત્ર પાંચ પાંચ મિનિટ જ ઘંટ વગાડું છું.'

'હા, પણ ત્યારે મારો પણ પ્રાર્થના અને ધ્યાનનો સમય હોય છે. હેમાબેનના દિકરાને બારમાની બૉર્ડની એક્ઝામ છે અને મારા દિકરાને સીએ ની એક્ઝામ આપવાની છે. તમારા ઘંટનાદ થી અમે બધાં જ ડીસ્ટર્બ થઇએ છીએ.'

'માત્ર પાંચ મિનિટમાં વળી શું ડીસ્ટર્બન્સ થાય ?'

'તમે સમજવાની કોશિશ કરો વત્સલાબેન. 'અભ્યાસ' અને 'ધ્યાન', બન્નેમાં 'લીંક' તૂટી જાય તો ફરી જોડતાં બીજી પંદર મિનિટ લાગી જાય.'

'તમારી વાત સાચી હશે. પણ મંદિરોમાં પણ ક્યાં ઘંટ નથી વાગતાં ?' 'સોસાયટીની બહારના મંદિરો અને સોસાયટીની અંદરનું દેરાસર – એ બે માં ફર્ક હોય કે નહીં ?'

'હોય જ. પણ આપણી સોસાયટીમાં પણ ઘણાં લોકો મોટે મોટે થી મ્યૂઝિક નથી વગાડતાં ? તે સાંભળો છો તે કરતાં આરતીનો ઘંટ સાંભળવો સારો નહીં ?'

'ડેફીનેટલી સારો, વત્સલાબેન. પણ એક તો એ કે એ ઘંટ વાગે ત્યારે 'આરતીનો ઘંટ' વાગે છે એવું લાગવું જોઇએ. આ તો 'શાકવાળો શાક વેચવા આવ્યો છે' એવું એ ઘંટ સાંભળતાં લાગે છે. તમે ખરાબ ન લગાડતાં પણ સાચું કહું તો શાકવાળો આનાથી વધુ સારો અને રીધમીક ઘંટ વગાડે છે.'

'એ તો હમણાં જરા નવું નવું છે એટલે એવું થાય છે. પછી પ્રેકટીસથી ટેવાઇ જવાશે.'

'એટલે ? પ્રેકટિસથી તમે 'આરતીનો ઘંટ' વગાડતાં શીખી જશો, કે અમે 'શાકવાળાનો ઘંટ' સાંભળતાં ટેવાઇ જઇશું ?'

'તમે આકરાં ન થાઓ, પલ્લવીબેન. પણ એક રીતે જુઓ તો આ તો તમને વગર પ્રાર્થના કર્યે પાર્થનાફળ મળે છે.'

'પણ મારે એવું ફળ નથી જોઇતું એનું શું ?'

'ઘણી વસ્તુ આપણને જોઇએ કે ન જોઇએ લેવી જ પડે.'

'એટલે ? તમે આ કર્કશ ઘંટ વગાડવાનું બંધ નહીં કરો એમ જ ને ?'

'બીજા લોકો ટેપરેકોર્ડર પર મોટે મોટેથી ગીતો વગાડવાનું બંધ કરશે તો હું પણ ઘંટ વગાડવાનું બંધ કરી દઇશ.'

'વત્સલાબેન, એ બધાં તો અનએજ્યુકેટેડ- અનસોફિસ્ટીકેટેડ - અણસમજુ લોકો છે. એટલે એમને આ બાબતે કહેવાનો કશો અર્થ નથી. પણ તમે તો ભણેલાં- ગણેલાં – સોબર અને સીવીલાઇઝ્ડ પર્સન છો, એમ માની હું તમને કહેવા આવી હતી.'

'સારું, તમે આટલું ઇન્સીસ્ટ કરો છો તો હુ આજથી જ ઘંટ વગાડવાનું બંધ કરીશ. ભલે મારા પ્રભુ નારાજ થતાં.'

'પ્રભુ તો મૌનની ભાષા સમજે છે, વત્સલાબેન.'

'જેવી મારા વહાલાની ઇચ્છા !' બોલીને વત્સલાબેને નીસાસો નાખ્યો.

'તમારો ખુબ ખુબ આભાર !' એમની નારાજગીને નજરઅંદાજ કરીને મેં એમનો આભાર માન્યો.



**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત**
**શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર-સ્વયં ગ્રુપ-અંકલેશ્વર આયોજિત**

# आकांक्षा-૩

## થીમ : કલ આજ ઔર કલ

**સ્થળ :**
મા શારદા ભવન,(એ.સી.હોલ)
જીનવાલા કમ્પાઉન્ડ, અંકલેશ્વર

**રજીસ્ટ્રેશન ફી : રૂા. ૨૦૦/-**
હાજર રહેનાર દરેક વ્યક્તિએ
રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

**સમય :**
તા. ૨૯.૧૨.૨૦૧૯, રવિવાર
સવારે ૦૯.૦૦ થી ૫.૦૦

**નોંધ :**
**રજીસ્ટ્રેશન તા. ૫ નવેમ્બર-૨૦૧૯** પહેલા કરાવવા વિનંતી છે. એ.સી. હોલની કેપેસીટી ૬૦૦ સીટની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરવામાં આવશે.
જો ૬૦૦ રજીસ્ટ્રેશન થઈ જાય તો ૫ નવેમ્બર પહેલા પણ રજીસ્ટ્રેશન બંધ થઈ શકે છે..

(૧) સ્વયં ગ્રુપમાં મનોરંજન પોગ્રામ રજુ કરનાર દરેક સ્વયં ગ્રુપને રૂા. ૨,૧૦૦/- પ્રોત્સાહન રકમ અંકલેશ્વર એકમ તરફથી.
(૨) મહામંડળના જે એકમમાંથી સૌથી વધુ રજીસ્ટ્રેશન આવશે તે એકમને રૂા. ૧,૫૦૦/- પ્રોત્સાહન રકમ.

### આકાંક્ષા-૩ના મુખ્ય આકર્ષણો

(૧) **સ્વયં સુપર સ્ટાર**.... દરેક સ્વયં ગ્રુપને પોગ્રામ રજુ કરવા ૧૦ થી ૧૨ મિનિટ સમય મર્યાદા
(જેમાં ગ્રુપ ડાન્સ, નાટક, મનોરંજન પોગ્રામ)

(૨) **કલ - આજ ઔર કલ**... ફિલ્મી સરગમ.. દરેક સ્વયં ગ્રુપના ૩ સભ્યો ભાગ લઈ શકશે..
શરૂથી વર્ષ ૧૯૮૦, ૧૯૮૧ થી ૨૦૦૦ અને ૨૦૦૧ થી અત્યાર સુધીના ફિલ્મીગીતોના કારવાં....

(૩) **મહિલા મંડળ :**
**(અ) વકતૃત્વ સ્પર્ધા :** દરેક મહિલા મંડળમાંથી એક એન્ટ્રી-સમય મર્યાદા ૩ મિનિટ
વિષય : (૧) સ્વચ્છતામાં પ્રભુતા (૨) વ્યસન મુકત સમાજ (૩) આપણો સમાજ - કલ- આજ ઔર કલ
**(બ) મોનો એકટીંગ :** (ડ્રામેબાજ) સમય ૧.૫ મિનિટ દરેક મહિલા મંડળમાંથી બે એન્ટ્રી

(૪) **વન મિનિટ ગેમ અને મનોરંજન –** સ્પોટ એન્ટ્રી-અપરણિત યુવક- યુવતિઓ માટે

(૫) **ફેશન શો....**(Only Cat walk))
(I) Mr. Pancholi (II) Miss Pancholi (III) Mr. & Mrs. Pancholi

- **આરોગ્ય : હાર્ટ એટેક** - ડાયાબીટીસ અંગે પ્રેઝન્ટેશન-ડો. મહેશભાઈ મિસ્ત્રી
- **સ્વયં ડીસ્પ્લે :** સ્વયં ગ્રુપની પ્રવૃત્તિના ફોટોગ્રાફસ ડીસપ્લે કરી શકાશે એવી વ્યવસ્થા.
- **વિશિષ્ટ સન્માન :** કોઈપણ એકમમાં નેશનલ કે રાજયકક્ષા લેવલે કરેલ વિશિષ્ટ પ્રગતિ કરી ખ્યાતિ મેળવનાર કે જેની માહિતિ એકમ દ્વારા આવશે તેનું સન્માન કરવામાં આવશે.

❖ **નિબંધ સ્પર્ધા :** આગામી ૧૦ વર્ષમાં પંચોલી સમાજને વાયબ્રન્ટ બનાવવાના સુચનો માટે નિબંધ સ્પર્ધા...
**(૧) મહિલા મંડળ** - વાયબ્રન્ટ મહિલા મંડળ **(૨) સ્વયં ગ્રુપ** - વાયબ્રન્ટ સ્વયં ગ્રુપ
**(૩) બધા માટે**- વાયબ્રન્ટ પંચોલી સમાજ
૫૦ થી ૬૦ લીટીમાં કાગળની એક બાજુએ સ્વચ્છ અને સુંદર અક્ષરે લખી તા. ૫ નવેમ્બર પહેલા મોકલવા..

❖ **ચિત્ર સ્પર્ધા :** બધા માટે આકર્ષક મનપસંદ કલર ફુલ ચિત્ર A/4 સાઈઝના કાગળમાં દોરી તા. ૫ નવે. સુધીમાં મોકલવા
વિજેતાઓને પોગ્રામમાં ઈનામથી નવાજવામાં આવશે. વિજેતા કૃતિ નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે..
અત્યારે આપ સૌની આકાંક્ષા પુરી કરવાના ધ્યેય સાથે વધુને વધુ સભ્યો ભાગ લે તે માટે આયોજન કરેલ છે.

**દરેક પોગ્રામની એન્ટ્રી, પોગ્રામમાં ભાગ લેનારના નામો, તથા ગ્રુપ ડાન્સની, મ્યુઝીકની સી.ડી. તા. ૫ નવેમ્બર પહેલા સત્વરે મોકલવી.**

**તા. ૨૯.૧૨.૨૦૧૦ના રોજ હજુ પણ ઘણાં સરપ્રાઈઝ પોગ્રામ વિચારેલ છે... આપના સજેશનો આવકાર્ય છે...**

**એન્ટ્રી, સીડી. તથા આપનું ડોનેશન કે સ્પોન્સરશીપ મોકલવા માટેનું સ્થળ :**
**ડો. વિસ્મય મહેશભાઈ મિસ્ત્રી**
એ-૫૪, અંબે ગ્રીન સોસાયટી, સનાતન સ્કૂલની પાસે, વાલીયારોડ, અંકલેશ્વર. મો. ૯૭૨૭૯૪૭૩૦૦

**સ્પોન્સરો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| મુખ્ય યજમાન | : | રૂા. ૪૧,૦૦૦/- | સેલ્ફી કોર્નર | : | ૧૧,૦૦૦/- |
| વેન્યુ સ્પોન્સર | : | ૨૧,૦૦૦/- | પ્રાઈઝ સ્પોન્સર | : | ૧૧,૦૦૦/- |
| ભોજન અને નાસ્તા સ્પો. | : | ૧૫,૦૦૦/- | મ્યુઝીક સીસ્ટમ સ્પો. | : | ૧૧,૦૦૦/- |
| ભોજન સ્પોન્સર | : | ૧૧,૦૦૦/- | વિડીયોગ્રાફી સ્પો. | : | ૧૧,૦૦૦/- |
| ચાહ-નાસ્તા સ્પોન્સર | : | ૫,૦૦૦/- | બેનર, એડવેટાઈઝ | : | ૧૦,૦૦૦/- |

**સર્વેને ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે..**

શ્રી હેમંતભાઈ સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી
શ્રીમતિ મુદ્દ્રા મિસ્ત્રી પંચોલી-સ્વયં અધ્યક્ષા
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

**પથદર્શક**
ડો. મહેશ એમ. મિસ્ત્રી, પારસ એમ. મિસ્ત્રી
નિતિન એમ. પંચોલી, નિલેશભાઈ એસ. મહેતા

ડો. વિસ્મય એમ. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી અજય સી. પંચોલી-મંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ, અંકલેશ્વર

કુ. ક્રિના પી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી ધવલ આર. મિસ્ત્રી-મંત્રી
સ્વયં ગ્રુપ-અંકલેશ્વર

પોગ્રામ કન્વીનર
શ્રીમતિ અમિષા અજયભાઈ પંચોલી
અંકલેશ્વર

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના
નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં
સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઈ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક
અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઈ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

# દિપોત્સવી અંક - ૨૦૧૯

| | | | | | |
|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૩,૦૦૦/- | ☐ | મલ્ટીકલર | ₹ ૭,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૨,૦૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ ૭૫૦/- | ☐ | ચૌથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (ફોટા સાથે-૪૦૦) | ₹ ૪૦૦/- | | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા ('શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર **014710003655 IFSC code Bkdn 0210147** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...)

શુભેચ્છા સંદેશ : ..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..............................................................................................

(૨)............................................................ (૩) ............................................................

(૪)............................................................ (૫) ............................................................

(૬)............................................................ (૭) ............................................................

(૮)............................................................ (૯) ............................................................

સરનામુ : ..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

પીન ...................................... ફોન : (ઘર)................................(ઓ)................................

મોબાઇલ ..............................................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૨૫.૦૯.૨૦૧૯ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

# સંસ્થા સમાચાર

## સ્વયં - સુરત



મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ મે મહિનાના પંચોલી નવયુગના અંકમાં એમની પ્રમુખ નોંધમાં દરેક સ્વયં ગ્રુપના યુવાનોને વૃક્ષારોપણની કરેલ અપીલના ભાગ રૂપે તા. ૨૮ જુલાઇના રોજ 'વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ' દિન નિમિત્તે સ્વયં સુરતે વૃક્ષારોપણનું આયોજન કર્યુ હતું.

આ માટે સ્વયં સુરતની ટીમના સભ્યોએ બે વિભાગ પાડયા હતા જેમાં અડાજણ એરીયા તથા અથવાલાઇન્સ, સીટી એરીયાની ટીમના સભ્યોએ પોતાના ઘર પાસે કે બિલ્ડીંગમાં વૃક્ષો વાવવાની અને તેની સંભાળ રાખવાની તૈયારી દર્શાવી હતી. અને તે મુજબ ગુલમહોર, નિલગીરી, ચંપો, જમરૂખ, દાડમ, રેઇન ટ્રી, ગુલાબ જેવા વિવિધ ૨૦ રોપાઓ સભ્યોની દેખરેખમાં રોપવામાં આવ્યા હતાં. તથા સભ્યો દ્વારા તેનું જતન કરવાની જવાબદારી પણ સ્વીકારમાં આવી હતી.

આ પોગ્રામમાં મહામંડળના પ્રમુખશ્રી તથા મહામંત્રીને નિમંત્રણ આપવામાં આવ્યું હતું, જેમાં મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇ હાજર રહ્યા હતા. અને મહામંત્રીશ્રી સંજોગવસાત હાજર ન રહી શકવા બદલ વિશેષ શુભેચ્છાઓ પાઠવી હતી.

સ્વયં સુરતના પ્રમુખ મૃદુતા દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું કે ૧ વર્ષ પછી જેનું વૃક્ષ સારી રીતે વિકાસ પામ્યુ હશે તેને સ્વયં સુરત તરફથી સરપ્રાઇઝ ગીફટ આપવામાં આવશે. બધાએ મળીને સંકલ્પ કર્યો હતો કે દર વર્ષે જુન-જુલાઇ માસમાં સ્વયં સુરત 'વૃક્ષારોપણ' કરશે..

## સ્વયં - સુરત



તા. ૧૮.૦૮.૨૦૧૯, રવિવારના રોજ બપોરે ૪.૦૦ કલાકે સ્વર યુથના સભ્યો જન્માષ્ટમી અને સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી માટે ભેગા થયા હતા. જેમાં નાનાં બાળકોને કૃષ્ણ અને રાધા બનીને બોલાવ્યા હતા. વાડીમાં મટકી ફોડનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો જેમાં પ્રનિલ ધવલકુમાર પંચોલીએ મટકી ફોડી હતી. ત્યારબાદ સ્વાતંત્ર્ય દિવસ નિમિતે દેશભકિતગીત ગાયા હતા. અંતમાં રાષ્ટ્રગીત ગાઇને મહિલા મંડળ તરફથી આઇસક્રીમની મજા લઇ છુટા પડયા..

## પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ-વડોદરા

પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ વડોદરાને લેસ્ટર-લંડન નિવાસી શ્રીમતિ પદમાબેન ચીમનભાઇ પંચોલી તરફથી ૨૦૦ પાઉન્ડ દાનમાં મળ્યા છે....

પ્રસંગોપાત શ્રીમતિ પદમાબેન પંચોલી સમાજન વડોદરાને દાન કરતા જ રહે છે.... એમનો ખૂબ ખૂબ આભાર..

રૂા. ૧૫૧ વડોદરા નિવાસી શ્રી કંચનલાલ ગોરધનદાસ પંચોલી તરફથી નૂતન ગૃહપ્રવેશ નિમિત્તે..પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ વડોદરાને ભેટ મળી

# મહિલા સમાચાર

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા



પ્રગતિ મહિલા મંડળની મિટિંગ તા. ૧૮.૦૮.૨૦૧૯ના રોજ ૧૫મી ઓગસ્ટ નિમિત્તે રાખવામાં આવી હતી. પ્રથમ ધ્વજવંદન કરી રાષ્ટ્રગીતનું ગાન કરી રાષ્ટ્રીય તહેવારની ઉજવણી કરવામાં આવી.

પ્રથમ દિવંગત થયેલ આત્માઓને શ્રધ્ધાંજલી આપવામાં આવી. ઓગસ્ટ મહિનામા બહેનોની આવતી બર્થડે અને એનીવર્સરી વીસ કરવામાં આવી. પ્રિયંકાબેન દ્વારા સરપ્રાઇઝ ગેમ રમાડવામાં આવી. જેના વિજેતા આનંદીબેન ભરતભાઇ પંચોલી રહ્યા.

જન્માષ્ટમી નિમિત્તે નાના બાળકોને રાધા-ક્રિષ્ના બનાવીને મટકી ફોડી જન્માષ્ટમીના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. ઓગસ્ટ મહિનાનો પહેલો રવિવાર ફ્રેન્ડશીપ ડે તરીકે ઉજવાય છે તો આજરોજ ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરવામાં આવી અને સાથે સાથે નાના બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી પણ કરવામાં આવી. તેમને ચોકલેટ વેફર આપી આનંદીત કર્યા. અને બહેનોએ મહેંદી મુકી તહેવારની મજા માણી.

પર્યાવરણના રક્ષક 'વૃક્ષ'...પ્રગતિ મહિલા મંડળ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ કરવામાં આવ્યો. બાળકોને યથા યોગ્ય ગીફટ આપી રાજી કર્યા. ગુરૂપૂર્ણિમાના પાવન દિન નિમિત્તે મહિલા મંડળમાં સભ્ય જે ગુરૂપદ ધરાવે છે તેમનું સન્માન કરવામાં આવ્યું. પ્રગતિ મહિલા મંડળને મળેલ દાન..

૮૦૦૦ પંચોલી સમાજ વ્યારા
૫૧ પ્રભાબેન જમીયતભાઇ પંચોલી-બર્થડે
૫૦ રંજનબેન નવિનભાઇ પંચોલી-બર્થડે
૧૦૦ શારદાબેન નરેશભાઇ પંચોલી-પુત્ર સગાઇ
૧૦૦ નયનાબેન બિપીનભાઇ પંચોલી-એનીવર્સરી

આવતા માસની મિટિંગ તા. ૧૫.૦૯.૨૦૧૯ના રોજ રાખવામાં આવી છે જેમાં લાડુ, મકાઇની વાનગી તથા ભજન સ્પર્ધા રાખવામાં આવી છે.

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરની મિટિંગ તા. ૮.૮.૨૦૧૯ના રોજ કેતકીબેન જેસલભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. આજરોજ મકાઇની વાનગી હરિફાઇ અને મહેંદી હરિફાઇ રાખવામાં આવી હતી.

પ્રથમ સમૂહમાં પ્રાર્થના ગાઇ. ગત મિટિંગનો અહેવાલ મંત્રીશ્રીએ વાંચી સંભળાવ્યો હતો. આ માસમાં આવતી એનીવર્સરી અને બર્થડે ગીફટ આપી વિશ કરવામાં આવી.

પ્રથમ વાનગી હરિફાઇ હતી જેમાં મકાઇની વાનગી ઘરેથી બનાવીને લાવવાની હતી.. જેમાં ઘણી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આજની હરિફાઇના નિર્ણાયકશ્રી હતા શ્રીમતિ રીન્કુબેન પ્રજાપતિ. રીન્કુબેનનો પરિચય કેતકીબેને આપ્યો હતો. વાનગી હરિફાઇના વિજેતા દક્ષાબેન દિનેશભાઇ-પ્રથમ અને દ્વિતીય મીરાબેન મહેશભાઇ તથા મહેંદી હરિફાઇના વિજેતા પ્રથમ નીતાબેન રાજેશભાઇ અને દ્વિતીય દક્ષાબેન દિનેશભાઇ વિજેતા થયા હતા. વન મિનિટ ગેમ રમ્યા જેના વિજેતા ૫૦ ની નીચેમાં કેતકીબેન

જેસલભાઇ અને નીતાબેન રાજેશભાઇ તથા ૫૦ની ઉપરમાં હંસાબેન મહેન્દ્રભાઇ વિજેતા રહ્યા. વિજેતા બહેનોને મંડળ તરફથી પ્રમુખશ્રીના વરદ હસ્તે ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા. રીન્કુબેને વિવિધ રસોઇ માટેની ટીપ્સ જણાવી હતી. સ્નેહાબેન ના વરદ હસ્તે નિર્ણાકશ્રીને સ્મૃતિભેટ આપી.

અગામી મિટિંગ કલ્પનાબેન કનુભાઇને ત્યાં શિક્ષકદિન નિમિત્તે રાખવામાં આવી છે. અંતમાં અલ્પાહાર તથા શરબતને ન્યાય આપી છુટા પડયા.
૫૦ સોનલબેન મનોજભાઇ પંચોલી-બર્થડે.
૫૦ ભાવના મલય મિસ્ત્રી-બર્થડે
૧૦૧ અનુરાધાબેન તરફથી મિટિંગ નિમિત્તે.
૧૦૧ અનુરાધાબેન તરફથી મધુબાની બર્થડે નિમિત્તે..
દાતાઓનો આભાર

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

પંચોલી ભગીની સમાજ રાજપીપલાની મિટિંગ તા. ૨૪.૭.૨૦૧૯ના રોજ સ્મિતાબેન સાધશરણ પંચોલીને ત્યાં રાખવામાં આવી હતી. સૌ પ્રથમ વિશ્વંભરીની સ્તુતિ અને ગણેશ વંદનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી.

સ્મિતાબેને એનર્જી ડ્રિંક્સ લીંબુ શરબતથી સ્વાગત કર્યુ. આજરોજ મહેંદી હરિફાઇ રાખવામાં આવી હતી. જેના વજેતા સ્નેહાબેન ડી. પંચોલી, નયનાબેન એન. પંચોલી, રાજશ્રી પંચોલી, હિરલ પંચોલી.

બીજો પ્રોજેકટ મકાઇની વાનગી ઘરેથી બનાવી અને સુશોભન કરીને લાવવાની હતી. એકબીજાની વાનગી ચાખીને રેસીપી શેર કરી હતી.

તા. ૪.૮.૨૦૧૯ ફ્રેન્ડશીપ ડે આવતો હોવાથી એકબીજાને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધી ફ્રેન્ડશીપ ડે ઉજવવામાં આવ્યો હતો. શ્રીમતિ ગીતાબેન પંચોલી ૬ માસ માટે અમેરીકા જતા હોવાથી એમને પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવી. સ્મીતાબેને વન મિનિટ ગેમ અને હાઉસી રમાડી. આગામી મિટિંગ રાજશ્રીબેનને ત્યાં રાખવાનું નકકી કરવામાં આવી. અંતમાં પાઉભાજી, પુલાવ તથા આઇસકેન્ડીને ન્યાય આપી આભાદર્શન કરી છુટા પડયા.

## પંચોલી મહિલા મંડળ-સુરત

તા. ૨૩.૭.૨૦૧૯ ને મંગળવારે અડાજણ સ્થિત અલોકીબેન સંજયભાઇ જરીવાલાને ત્યાં રાખવામાં આવી હતી. જેમાં ૪૦ બહેનોએ હાજરી આપી હતી. મંડળને પ્રવૃત્તિમય બધાનો સાથ સહકાર મળ્યો અને હજુ પણ મળતો રહેશે તેવી આશા.

મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. અવસાન પામેલ સુરતના સ્વ. ભારતીબેન, અનીલભાઇ અને બાલકૃષ્ણભાઇને બેમિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી.

શોભાબેનના પ્રોજેકટ અનુસાર જુલાઇ માસમાં વૃક્ષારોપણ અને મકાઇની વાનગીની સ્પર્ધા રાખવામાં આવી હહતી. જેમાં બધી બહેનો નીતનવી વાનગી બનાવી લાવ્યા હતાં. સાથે સીનીયર સીટીજનો પણ અમોને સાથ આપવા સભ્ય બન્યા છે. તેઓએ પણ વૃક્ષારોપણમાં સહકાર આપ્યો હતો.

વાનગીઓ ખૂબ જ સ્વાદિષ્ટ બનાવી હતી. નેમાં મનિષા પંચોલી-સ્વીટકોર્ન સુપ, ચાર્મી અને છાયાબેન-સ્વીટકોર્ન સુપ, યુતીબેન જરીવાલા-મકાઇનો ચેવડો, જયશ્રીબેન મારફતીયા-મકાઇ વેજ વડા, ઉત્પ્રેક્ષા-મકાઇ વડા, કિરણબેન ઝવેરી-મકાઇનાઢોકળા, તરૂલતાબેન-કાર્ન પરોઠા, ભારતીબેન મિસ્ત્રી કોર્ન ઇડલી, નીશા-પ્રિતી મિસ્ત્રી - મકાઇ ચેવડો, ટીના જરીવાલા કાર્નભેળ, મયુરીબેન મિસ્ત્રી-કોર્ન ઇટાલીયન વડા, સોનલ પંચોલી - કાર્ન ચીઝ કબાબ, તેજલ દિપકભાઇ ગાંધી ચીઝ કોર્ન ઇટાલીયન બોલ, દિપ્તી કોર્ન પનીર ચીઝ બ્રેક રોલ, અમીષા પંચોલી-મકાઇનો લીલો ચેવડો, ગીતાબેન મારફતીયા - કાર્ન

ચાઈનીઝ મંચુરીયન, ઈલાબેન-કોર્ન વડા, હીના પાનવાલા કાર્ન ઢોકળા, ગીતાબેન મિસ્ત્રી-કોર્ન વડા, ઉર્વશીબેન મિસ્ત્રી-કાર્ન વડા, જયશ્રીબેન મિસ્ત્રી કાર્ન ચીઝ પોટેટો રોલ, કાશ્મીરા પંચોલી-કોર્ન સેન્ડવીચ, દિપ્તી પંચોલી - ક્રન્ચી કોર્ન ચાટ, કામીની ગજ્જર કોર્ન પોટેટો રોલ જેવી અવનવી વાનગીઓ લાવ્યા હતા.

ત્યારબાદ અંતાક્ષરી, પાર્સીંગબોલ, ઉભીખોની રમતોની મઝા માણી હતી. સૌ બહેનોએ મકાઈની વાનગીનો આનંદ માણ્યો હતો. આગામી મિટીંગોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં ઓગસ્ટ માસને અનુસરીને આયોજન કરવામાં આવ્યું હતું..

૫૦૦ વાસંતીબેન અનિલભાઇ મારફતીયા તરફથી અનિલભાઇના સ્મરણાર્થે

૧૦૦૦ દિપ્તીબેન પ્રફુલભાઇ પંચોલી તરફથી ભારતીબેનના સ્મરણાર્થે..

દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર...

# દરેક એકમ માટે અગત્યની સૂચના

તા. ૨૫.૦૮.૨૦૧૯ના રોજ મળેલ ખાસ સામાન્ય સભામાં મંજુર થયેલ બંધારણ મુજબ મહામંડળની કારોબારીમાં મહામંડળના હોદ્દેદારો, સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો તથા દરેક એકમના પ્રમુખ-મંત્રીનો સમાવેશ કરવાનું ઠરાવવામાં આવેલ છે. આથી તમામ એકમોને જણાવવાનું કે પોતાના એકમના પ્રમુખશ્રી, મંત્રીશ્રીના નામ, મોબાઇલ નંબર, ઈમેલ આઇ.ડી. ફોટો(પાસપોર્ટ સાઇઝ) તથા એડ્રેસ લેખીત / ઈમેલ થી કે વોટસએપથી મહામંત્રીશ્રીને શકય એટલા જલ્દી મોકલી આપવા વિનંતી. જેથી તેઓને ભવિષ્યમાં જરૂરી માહિતિ મોકલી શકાય.

તા. ૨૫.૦૮.૨૦૧૯ના રોજ મળેલ ખાસ સામાન્ય સભા મંજુર થયેલ બંધારણ મુજબ દરકે એકમે પોતાના સભ્યોના નામ, ફોન નંબર(કુટુંબના કર્તા/લ્હાણેદાર)ની યાદી તથા નોંધાયેલ સભ્ય (કુટુંબ/લ્હાણા દીઠ રૂા. ૨૦/-) મહામંડળના મહામંત્રીને રેકર્ડ મોટે મોકલવા. તો તમામ એકમોને પોતાના સભ્યોનું લીસ્ટ અને ફી શકય એટલા જલ્દી મોકલવા વિનંતી છે. આ રેકોર્ડ હાર્ડ કોપી અને સોફ્ટ કોપી બન્ને રીતે મેઈનટેન્ડ કરવામાં આવશે...

**Email ID : infospssmm@gmail.com Mo. 9825081369**

નિશિકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ

ગત કારોબારી સભામાં ચર્ચા થયા મુજબ વિધવા/નિરાધાર સહાય લેનાર હાલના તેમજ નવા લાભાર્થીઓએ પંચની વાડી પરથી નવા ફોર્મ મેળવી જમા કરાવવાના રહેશે. અધુરા તેમજ ખોટી માહિતી અને પુરાવા વિનાના ફોર્મ વિના જાણકારીએ રદ કરવામાં આવશે.

**ફોર્મ જમા કરાવવાની છેલ્લી તા. ૧૫.૦૯.૨૦૧૯-રવિવાર**

**ફોર્મ મેળવવાનો સમય :** સોમવાર અને શુક્રવાર સવારે ૯.૩૦ થી ૧૧.૦૦

**સંપર્ક :** શ્રી અમૃતલાલ એન. મહેતા - વહીવટદારશ્રી

**મો.** : ૯૯૭૯૧ ૧૨૧૦૧

# આપણું ગૌરવ



CA ધ્વનિ નિલેશ મપારા

વડોદરા નિવાસી શ્રીમતિ ભાવનાબેન તથા શ્રી નિલેશભાઇ બાબુભાઇ મપારાની સુપુત્રી ચિ. ધ્વનીએ

**C.A.C.P.T.** વડોદરામાં પ્રથમ ક્રમાંક

**C.A.Intermediate :** સમગ્ર ભારતમાં ૩૯મો ક્રમાંક, વડોદરામાં ૨જો ક્રમાંક

**C.A.Final :** સમગ્ર ભારતમાં ૪૯મો ક્રમાંક, વડોદરામાં પ્રથમ ક્રમાંક

પ્રાપ્ત કરી સમગ્ર વડોદરા સમાજ, સમગ્ર પંચોલી સમાજ તથા એમના કુટુંબીજનોનું ગૌરવ વધાર્યુ છે...

અભિનંદન સહ એમની આ સિધ્ધિ માટે તથા ઉત્તરોત્તર પ્રગતિ માટે સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.....

શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-પ્રમુખ     શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી

તથા સંલગ્ન સંસ્થાના તમામ હોદ્દેદારો

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## આપણું ગૌરવ



મુંબઇ નિવાસી શ્રી જયદીપ ગિરીશભાઇ ઝવેરીએ સાહિત્ય સંસદ, શાંતાક્રુઝ ખાતે તા. ૨૮.૦૮.૨૦૧૯ને રવિવારના રોજ સ્વલિખિત કાવ્યોનું પઠન કરી સાહિત્ય ક્ષેત્રે પદાર્પણ કર્યુ છે... એમના આ સાહિત્ય સર્જનના સોપાનની સફળતા માટે સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

## સ્વયંગ્રુપ/મહિલામંડળ અને અંકલેશ્વર એકમ



## શ્રધ્ધાંજલિ



બીલીમોરા નિવાસી, સ્વ. વિનોદકુમાર ગુલાબદાસ મિસ્ત્રી તા.૨૩. ૦૯. ૨૦૧૯ ના રોજ ત્રીજી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૧૫૧/- વડોદરા નિવાસી શ્રી કંચનલાલ ગોરધનદાસ પંચોલી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે ભેટ.

રૂા. ૧૦૧/- ખડસુપા નિવાસી નવિનચંદ્ર મગનલાલ મિસ્ત્રી તરફથી વર્ષગાંઠ નિમિત્તે..

## દેવના દીધેલ



સોનગઢ(હાલ યુ.એસ.એ.) નિવાસી નયનકુમાર હરીષભાઇ પંચોલીને ત્યાં તા. ૦૩.૦૮.૨૦૧૯ના રોજ પુત્રીરત્ન 'ચિ.મીરા' નો જન્મ થયો.

માતા : દિવ્યાબેન

તા. ૨.૯.૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે પંચોલી સેવા સમાજ, સ્વયં ગ્રુપ અને પંચોલી મહિલા મંડળના સંયુકત ઉપક્રમે હમણા આવેલ નર્મદાનદીમાં ડેમમાંથી છોડવામાં આવેલ પાણીની અસરને લઇને અસરગ્રસ્ત થયેલ અંકલેશ્વરના અંતરીયાળ ગામ સફરૂધ્ધીન ગામ મુકામે વસ્ત્ર તથા બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં અનેક અસરગ્રસ્તોને સાડી, સ્વેટર, પેન્ટપ સર્ટ અને ડ્રેસ વિતરણ કરવામાં આવ્યા હતાં. જેમાં જીણેય ગ્રુપના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લઇ કાર્યક્રમને સફળતા અપાવી હતી..

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી હરકીશનદાસ ઝીણાભાઇ પંચોલી વ્યારા | શીવા ડાઈનીંગ સર્વિસ વ્યારા

# એક વાર જાવુ હરીના ધામમાં



સુરત નિવાસી હીરાલાલ ઇશ્વરલાલ પંચોલી તા.૧૪. ૦૮. ૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા છે.



મુંબઇ ગોરેગાંવ નિવાસી કેતકીબેન કમલેશભાઇ અમ્રતલાલ મિસ્ત્રી તા.૨૩.૦૮.૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. : ૫૧



મુંબઇ નિવાસી, શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના માજી પ્રમુખ અમ્રતલાલ છગનલાલ પંચોલી-અઘીર તા.૨૬. ૦૮. ૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. ૮૩

નવાપુર(હાલ વ્યારા) નિવાસી મિતેષભાઇ ઇન્દ્રવદનભાઇ પંચોલી ૧૭.૦૮.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા.



રાજપીપલા નિવાસી ગં.સ્વ. શર્મિષ્ઠાબેન કનૈયાલાલ પંચોલી તા.૨૨. ૦૮. ૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. ૬૫

## હેપી બર્થડે...



ધ્યાની સ્વપ્નીલકુમાર પંચોલી-સુરત ૦૪.૦૯.૨૦૧૪



જાનવી મલયકુમાર મિસ્ત્રી-અંકલેશ્વર ૨૮.૦૮.૨૦૧૫

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. પરસોત્તમદાસ દાજીભાઇ પંચોલી નવસારી | શ્રી પ્રતાપભાઇ ગુલાબભાઇ પંચોલી નવસારી

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**